હરિયાણાના દંપતીએ દીકરા માટે લગાવી દીધી લાઇન!

# 10 પુત્રીઓની માતાએ પુત્રને જન્મ આપ્યો

**દસ** દીકરીઓ બાદ પુત્ર જન્મની આ ઘટનાએ માતૃત્વનું સ્વાસ્થ્ય અને પુત્ર હોવાની ઈચ્છા જેવા વિષયો પર ફરી ચર્ચા જગાવી

**હરિયાણામાં** 1000 પુરષોની સામે 923 સ્ત્રીઓ છે




ચંદીગઢ, તા. 6 (પીટીઆઈ): હરિયાણામાં એક મજૂર દંપતીએ આ અઠવાડિયે તેમના 11માં બાળક તરીકે પુત્રનું સ્વાગત કર્યું છે, તેમના લગ્નજીવનના 19 વર્ષ થયા છે. દસ દીકરીઓ બાદ પુત્ર જન્મની આ ઘટનાએ માતૃત્વનું સ્વાસ્થ્ય અને પુત્ર હોવાની ઈચ્છા જેવા સામાજિક વિષયો પર ફરી ચર્ચા જગાવી છે.

જિંદ જિલ્લાના ઉચાણામાં આવેલી ઓજસ હોસ્પિટલના ડો. નરવીર શેયોરાણે જણાવ્યું કે આ એક અત્યંત જોખમી ડિલિવરી હતી, પરંતુ માતા અને બાળક બંને સ્વસ્થ છે. 37 વર્ષીય મહિલાને 3 જાન્યુઆરીએ દાખલ કરવામાં આવી હતી અને બીજા દિવસે બાળકના જન્મ બાદ તેને રજા આપવામાં આવી હતી. ઓપરેશન દરમિયાન માતાને 3 યુનિટ લોહી ચઢાવવું પડ્યું હતું, તેમ છતાં અંતે નોર્મલ ડિલિવરી શક્ય બની હતી.

38 વર્ષીય પિતા સંજય કુમારે જણાવ્યું કે, 'અમે પુત્રની ઈચ્છા રાખતા હતા અને મારી મોટી દીકરીઓ પણ ભાઈ ઈચ્છતી હતી. આ મારું 11મું બાળક છે.' મજૂરી કામ કરતા સંજયે વધુમાં ઉમેર્યું કે તે તેની મર્યાદિત આવકમાં પણ દીકરીઓને સારું શિક્ષણ આપી રહ્યો છે, જેમાંથી સૌથી મોટી દીકરી 12માં ધોરણમાં ભણે છે. સોશિયલ મીડિયા પર પિતૃસત્તાક માનસિકતા અંગે થઈ રહેલી ટીકાઓ પર તેણે કહ્યું કે એવું નથી, તે માને છે કે દીકરીઓ પણ આજે દરેક ક્ષેત્રમાં સારું પ્રદર્શન કરી રહી છે.

નોંધનીય છે કે હરિયાણામાં જાતિ પ્રમાણ લાંબા સમયથી ચિંતાનો વિષય રહ્યો છે. વર્ષ 2025માં તેમાં સુધારો જોવા મળ્યો છે અને તે વધીને 1000 પુરષોની સામે 923 સ્ત્રીઓ થયો છે, જે 2024 કરતા 13 પોઈન્ટનો વધારો છે, જોકે તે હજુ પણ રાષ્ટ્રીય સરેરાશ (1000 પુરુષોએ 1020 સ્ત્રીઓ) કરતા ઓછો છે.

# ગ્રીનલેન્ડ કબજે કરશે અમેરિકા? સ્ટીફન મિલરની ટિપ્પણીથી ખળભળાટ

**ગ્રીનલેન્ડ** પર ડેન્માર્કના સાર્વભૌમત્વને અમેરિકી સુરક્ષા સલાહકાર સ્ટીફન મિલરે પડકાર્યું, લશ્કરી કાર્યવાહીની શક્યતા અંગેના પ્રશ્નો ટાળ્યા

**ટ્રમ્પના** વરિષ્ઠ અધિકારીના આક્રમક નિવેદનથી યુરોપિયન દેશોમાં ફફડાટ

વૉશિંગ્ટન, તા. ૬: અમેરિકાના હોમલેન્ડ સિક્યુરિટી એડવાઈઝર સ્ટીફન મિલરે સોમવારે રાત્રે એમ કહીને અમેરિકાના સાથી દેશોને ચોંકાવી દીધા અને NATO ને હચમચાવી દીધું કે ગ્રીનલેન્ડ 'યુનાઈટેડ સ્ટેટ્સનો ભાગ હોવો જોઈએ' - અને તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આર્કટિક પ્રદેશના ભવિષ્ય માટે વૉશિંગ્ટન સામે લડવાની કોઈ દેશ હિંમત કરશે નહીં.

CNN ના કાર્યક્રમ 'ધ લીડ વિથ જેક ટેપર'માં એક આક્રમક રજૂઆત દરમિયાન, વ્હાઈટ હાઉસના આ ડેપ્યુટી ચીફ ઓફ સ્ટાફ અને હોમલેન્ડ સિક્યુરિટી એડવાઈઝરે જો કે ગ્રીનલેન્ડ (જે હાલમાં ડેનમાર્કના વહીવટ હેઠળ છે)ને કબજે કરવા માટે અમેરિકા લશ્કરી દળનો ઉપયોગ કરી શકે છે કે કેમ તે અંગેના વારંવારના પ્રશ્નોને ફગાવી દીધા હતા.

મિલરે ઓન-એર કહ્યું હતું કે, ગ્રીનલેન્ડના ભવિષ્ય માટે કોઈ પણ લશ્કરી રીતે અમેરિકા સામે લડવાનું નથી. લશ્કરી કાર્યવાહીની શક્યતાને સ્પષ્ટપણે તેઓ નકારી કાઢે તેવા વારંવારના પ્રયાસોને તેમણે અવગણ્યા હતા.

તેમણે ટાપુ પર ડેનમાર્કના સાર્વભૌમત્વને પડકાર્યું હતું. મિલરે પૂછ્યું, તેમના પ્રાદેશિક દાવાનો આધાર શું છે? ડેનમાર્કની વસાહત તરીકે ગ્રીનલેન્ડ રાખવાનો તેમનો આધાર શું છે? અમેરિકા એ NATO ની મુખ્ય શક્તિ છે. અમેરિકા માટે આર્કટિક ક્ષેત્રને સુરક્ષિત કરવા અને NATO તથા તેના હિતોનું રક્ષણ કરવા માટે, દેખીતી રીતે ગ્રીનલેન્ડ અમેરિકાનો ભાગ હોવો જોઈએ, અને તેથી આ એક એવી ચર્ચા છે જે આપણે એક દેશ તરીકે કરવા જઈ રહ્યા છીએ એમ મિલરે કહ્યું હતું. આ અસાધારણ ટિપ્પણીઓ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ગ્રીનલેન્ડને બળજબરીથી કબજે કરવાની શક્યતાને ફરીથી નકાર્યા પછી આવી છે, જેનાથી યુરોપિયન સાથી દેશોમાં ડર વધી ગયો છે કે વહીવટીતંત્ર યુએસ 'રાષ્ટ્રીય સુરક્ષા' ના નામે NATO ની અંદર સરહદો ફરીથી નક્કી કરવા માટે તૈયાર છે.

## ગ્રીનલેન્ડ પર કબજો એટલે NATOનો અંત: ડેનમાર્કની અમેરિકાને ખુલ્લી ચેતવણી

**બ્રિટન**, ફ્રાન્સ સહિત છ યુરોપિયન દેશોએ સંયુક્ત નિવેદન બહાર પાડીને આ મામલે ડેન્માર્કને ટેકો જાહેર કર્યો

બર્લિન, કોપનહેગન, તા. ૬: અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ગ્રીનલેન્ડ પર કબજો મેળવવાની ઈચ્છા વ્યક્ત કરતી ટિપ્પણીઓનો મંગળવારે અનેક યુરોપિયન નેતાઓએ વિરોધ કર્યો હતો.

નેતાઓએ એક નિવેદન બહાર પાડીને પુનરોચ્ચાર કર્યો હતો કે વ્યૂહાત્મક અને ખનિજોથી સમૃદ્ધ આ આર્કટિક ટાપુ ત્યાના લોકોનો છે. ટ્રમ્પની ટિપ્પણીઓના જવાબમાં ફ્રાન્સ, જર્મની, ઇટાલી, પોલેન્ડ, સ્પેન અને યુનાઇટેડ કિંગડમના નેતાઓ ડેનમાર્કના વડાપ્રધાન મેટ ફ્રેડરિકસેન સાથે ગ્રીનલેન્ડના સાર્વભૌમત્વના બચાવમાં જોડાયા હતા. ગ્રીનલેન્ડ એ ડેનમાર્ક સામ્રાજ્યનો એક સ્વ-શાસિત પ્રદેશ છે અને આ રીતે તે નાટો (NATO) સૈન્ય ગઠબંધનનો હિસ્સો છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ગ્રીનલેન્ડ તેના લોકોનું છે. ડેનમાર્ક અને ગ્રીનલેન્ડને લગતી બાબતો પર નિર્ણય લેવાનો અધિકાર માત્ર ડેનમાર્ક અને ગ્રીનલેન્ડનો જ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગ્રીનલેન્ડ એક સ્વશાસિત ટાપુ છે, તે સત્તાવાર રીતે ડેન્માર્કની માલિકીનો ટાપુ છે.

ઉલ્લેખનીય છે કે વ્હાઇટ હાઉસના ડેપ્યુટી ચીફ ઓફ સ્ટાફ સ્ટીફન મિલરે સોમવારે જણાવ્યું હતું કે ગ્રીનલેન્ડ યુનાઇટેડ સ્ટેટ્સનો ભાગ હોવો જોઈએ, જ્યારે બીજી તરફ ડેન્માર્કના વડાપ્રધાન ફ્રેડરિકસેનએ ચેતવણી આપી હતી કે જો અમેરિકા ગ્રીનલેન્ડ પર કબજો કરશે તો તે નાટોના અંત સમાન હશે. ડેનમાર્કના વડાપ્રધાન મેટે ફ્રેડરિકસને નિવેદન આપ્યું છે કે જો અમેરિકા ગ્રીનલેન્ડ પર કબજો કરવાનો પ્રયાસ કરશે, તો NATO સૈન્ય ગઠબંધનનો અંત આવી જશે. સોમવારે રાત્રે એક ટીવી ઈન્ટરવ્યુમાં ફ્રેડરિકસને કહ્યું કે જો અમેરિકા કોઈ NATO સભ્ય દેશ પર સૈન્ય કાર્યવાહી કરે છે, તો NATOની આખી વ્યવસ્થા જ નાશ પામશે. કંઈ જ બાકી નહીં રહે. જો કે આ મેટેની આ ચેતવણી છતાં મિલરે ટ્રમ્પનો દાવો ફરી દોહરાવ્યો હતો. હકીકતમાં, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે આપેલા એક નિવેદનમાં ગ્રીનલેન્ડ પર કબજો કરવાની વાત કરી હતી. તેઓ વેનેઝુએલા પર થયેલા હુમલા અંગે પત્રકારો સાથે વાતચીત કરી રહ્યા હતા. આ દરમિયાન ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ 20 દિવસમાં ગ્રીનલેન્ડ પર વાત કરશે.

ચોરી કરવા ગયા ને 'ચોકઠા'માં ફસાયા

# કોટામાં એક્ઝોસ્ટ ફેનના કાણામાં ચોર લટક્યો!

**બહાર** ગયેલા ઘરમાલિકો દ્રશ્ય જોઇને ચોંકી ગયા, છેવટે પોલીસે બહાર કાઢીને કસ્ટડીમાં લીધો

**ખાટુશ્યામજીથી** પરિવાર ઘરે આવ્યો તો રસોડામાં ફસાયેલો મળ્યો જીવતો-જાગતો ચોર; વીડિયો વાયરલ



કોટા, તા. ૬: રાજસ્થાનના કોટામાં એક સાવ ફિલ્મી દ્રશ્ય જોવા મળ્યું હતું, જ્યાં ચોરીના ઈરાદે ઘરમાં ઘૂસેલો એક શખ્સ રસોડાના એક્ઝોસ્ટ ફેનના ખાંચામાં ફસાઈ ગયો અને લગભગ એક કલાક સુધી લાચાર બનીને લટકતો રહ્યો.

આ ઘટના સુભાષ કુમાર રાવતના ઘરે બની હતી, જ્યારે તેઓ ૩ જાન્યુઆરીએ ખાટુશ્યામજીના પ્રવાસે ગયા હતા. બીજા દિવસે રાત્રે લગભગ ૧ વાગ્યે રાવતનાં પત્નીએ જ્યારે ઘરનો મુખ્ય દરવાજો ખોલ્યો, ત્યારે બહાર પાર્ક કરેલા સ્કૂટરની હેડલાઈટના પ્રકાશમાં અચાનક રસોડું દેખાયું. તેમની નજર સામે જે દ્રશ્ય હતું તેમાં ચોર રસોડાના એક્ઝોસ્ટ ફેનના ખાંચામાં અધવચ્ચે ફસાયેલો હતો; તેનો અડધો ભાગ ઘરની અંદર હતો અને બાકીનો ભાગ બહાર હતો. આ ઘટનાનો એક વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.

પોલીસે જણાવ્યું હતું કે આરોપી ચોરી કરવાના ઈરાદે ઘરમાં પ્રવેશ્યો હતો. જો કે, એક્ઝોસ્ટ ફેનના ખાંચામાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરતી વખતે તે ફસાઈ ગયો અને પોતાની જાતે મુક્ત થઈ શક્યો નહીં. અવાજ સાંભળીને તેનો એક સાથીદાર તેને ફસાયેલો મૂકીને ત્યાંથી ભાગી ગયો હતો.

સ્થાનિક લોકો પરિસ્થિતિનો તાગ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે લગભગ એક કલાક સુધી આ હાઈ-વોલ્ટેજ ડ્રામા ચાલ્યો હતો. બાદમાં પોલીસે ઘટનાસ્થળે પહોંચીને શખ્સને બહાર કાઢ્યો અને તેને કસ્ટડીમાં લીધો હતો. હાલ પોલીસ ફરાર થઈ ગયેલા સાથીદારને શોધવા અને આરોપી અન્ય કોઈ ચોરીના કેસોમાં સંડોવાયેલો છે કે કેમ તેની તપાસ કરી રહી છે.

# ચોખાના ઉત્પાદનમાં ભારત 'વિશ્વગુરુ': ચીનને પછાડીને બન્યું નંબર-૧

**ભારતનું** ચોખાનું ઉત્પાદન 151.8 મિલિયન ટન, જ્યારે ચીનનું 145 મિલિયન ટન છે

નવી દિલ્હી, તા. 6: ભારતે ચીનને પાછળ છોડીને નવો સીમાચિન્હ હાસિલ કર્યો છે. તાજેતરમાં ભારતના કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જાહેરાત કરી હતી કે, ભારત વિશ્વનો સૌથી મોટો ચોખા ઉત્પાદક દેશ બન્યો છે. તેમણે ગયા રવિવારે એક કાર્યક્રમમાં આ જાહેરાત કરી હતી. ચૌહાણે જણાવ્યું હતું કે, ભારત 151.8 મિલિયન ટન કુલ ઉત્પાદન સાથે ચીનને પાછળ છોડીને વિશ્વનો સૌથી મોટો ચોખા ઉત્પાદક દેશ બન્યો છે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું હતું કે, ભારત, જે એક સમયે ખાદ્ય અછત ધરાવતો દેશ હતો, તે હવે વૈશ્વિક ખાદ્ય સપ્લાયર બની ગયો છે. ચૌહાણે કહ્યું, ''ભારત ચોખાના ઉત્પાદનમાં ચીનને પાછળ છોડીને વિશ્વનો સૌથી મોટો ઉત્પાદક દેશ બન્યો છે.'' તેને એક અભૂતપૂર્વ સિદ્ધિ ગણાવતાં મંત્રીએ કહ્યું હતું કે, ભારતનું ચોખાનું ઉત્પાદન 151.8 મિલિયન ટન સુધી પહોંચી ગયું છે, જ્યારે ચીનનું ચોખાનું ઉત્પાદન 145 મિલિયન ટન છે. મંત્રીએ કહ્યું કે, ભારત હવે વિશ્વભરના બજારોમાં ચોખા સપ્લાય કરી રહ્યું છે.

આ કાર્યક્રમ દરમિયાન ચૌહાણે 25 પાકોની 184 નવી જાતો પણ બહાર પાડી. ચૌહાણે જણાવ્યું હતું કે, નવી ઉચ્ચ ઉપજ આપતી બીજ જાતો પાક ઉત્પાદનમાં વધારો કરશે અને ખેડૂતોની આવકમાં નોંધપાત્ર વધારો કરશે.

કેન્દ્રીય મંત્રીએ મંત્રાલયના અધિકારીઓને નવી જાતો ઝડપથી ખેડૂતો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હતો.

# અમેરિકાને ટેરિફથી રૂ. 56 લાખ કરોડ મળશે: ટ્રમ્પનો દાવો

**ટેરિફને** કારણે અમેરિકા રાષ્ટ્રીય સુરક્ષા અને આર્થિક રીતે વધુ મજબૂત બન્યું

**જો** ટ્રમ્પે લાદેલા ટેરિફ સુપ્રીમ દ્વારા રદ કરવામાં આવશે તો હાલના સરેરાશ ટેરિફ દરમાં 50 ટકા જેટલો ઘટાડો થશે

વોશિંગ્ટન, તા. 6: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર વિવિધ દેશો પર લાદવામાં આવેલા ટેરિફથી (આયાત શુલ્ક) થતી આવક પર ભાર મૂકતા જણાવ્યું છે કે, આ કમાણી ટૂંક સમયમાં 600 અબજ ડોલર (56 લાખ કરોડ રૂપિયા)ને વટાવી જશે. ટ્રુથ સોશિયલ પરની પોસ્ટમાં તેમણે સમાચાર સંસ્થાઓ પર આ મુદ્દાને નજરઅંદાજ કરવાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે ટેરિફને કારણે અમેરિકા રાષ્ટ્રીય સુરક્ષા અને આર્થિક રીતે વધુ મજબૂત બન્યું છે.

ટ્રમ્પનું આ નિવેદન અમેરિકી સુપ્રીમ કોર્ટમાં ટેરિફની કાયદેસરતાને પડકારતી અરજી પરની સુનાવણી પહેલા આવ્યું છે. તેમણે ચેતવણી આપી છે કે જો સુપ્રીમ કોર્ટ ટેરિફને નકારશે, તો તે અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા માટે ઈતિહાસનું સૌથી મોટું જોખમ હશે અને દેશ આર્થિક રીતે 'રક્ષણવિહીન' બની જશે. હાલમાં આ મામલો કોર્ટમાં છે, જેમાં એ તપાસવામાં આવી રહ્યું છે કે શું પ્રમુખે પોતાની સત્તાનો દુરુપયોગ કર્યો છે. જો આ ટેરિફ રદ થાય, તો વોશિંગ્ટને અબજો ડોલર પરત કરવા પડી શકે છે.

## પેજ3

### કાર્તિકની લવ લાઈફમાં નવી એન્ટ્રી? જાણો કોણ છે આ મિસ્ટ્રી ગર્લ

મુંબઈ, તા. 6: 'તું મેરી મૈં તેરા, મૈં તેરા તું મેરી' અભિનેતા કાર્તિક આર્યન ઘણીવાર તેની લવ લાઇફને લઈને ચર્ચામાં રહે છે. તેનું નામ સારા અલી ખાનથી લઈને અનન્યા પાંડે અને શ્રીલીલા સુધીની અનેક અભિનેત્રીઓ સાથે જોડાઇ ચૂક્યું છે. તાજેતરમાં જ્યારે તે કપિલ શર્માના નેટફ્લિક્સ શોમાં ખાસ મહેમાન તરીકે દેખાયો, ત્યારે તેની લવ લાઇફની વ્યાપક ચર્ચા થઈ હતી. હવે, નવા વર્ષ પછી કાર્તિક આર્યનની નવી મિસ્ટ્રી ગર્લ કોણ છે તેનું રહસ્ય ખુલ્યું છે. 'ભૂલ ભુલૈયા' અભિનેતાની એક તસવીર ઇન્ટરનેટ પર ખૂબ જ વાયરલ થઈ રહી છે, જેના કારણે ચાહકો અનુમાન લગાવી રહ્યા છે કે કાર્તિકના જીવનમાં કોઈ ખાસ વ્યક્તિ છે.



### અમિતાભ બચ્ચન: રિયલ લાઈફના પણ 'શહેનશાહ', દેશમાં સૌથી વધુ ટેક્સ ચુકવ્યો

**અમિતાભ** બચ્ચને આશરે રૂ. 350 કરોડની આવક પર આશરે રૂ. 120 કરોડનો કર ચુકવ્યો

નવી દિલ્હી, તા. 6: બોલીવુડ સુપરસ્ટાર અમિતાભ બચ્ચન નાણાકીય વર્ષ 2024-25 માટે ભારતના સૌથી વધુ વ્યક્તિગત કરદાતા તરીકે ઉભરી આવ્યા છે. 82 વર્ષની ઉંમરે પણ, બિગ બીએ આવક અને કર ચુકવણીના સંદર્ભમાં મોટા ઉદ્યોગપતિઓ અને રમતગમતના સ્ટાર્સને પાછળ છોડી દીધા છે. અહેવાલો અનુસાર, અમિતાભ બચ્ચને આશરે રૂ. 350 કરોડની આવક પર આશરે રૂ. 120 કરોડનો કર ચુકવ્યો હતો, જેનાથી તેઓ દેશના સૌથી વધુ વ્યક્તિગત કરદાતા બન્યા હતા. તેમની આવકના મુખ્ય સ્ત્રોતોમાં ફિલ્મો, ટેલિવિઝન શો અને મુખ્ય બ્રાન્ડ્સ માટેના એન્ડોર્સમેન્ટ સામેલ છે. ફિલ્મોમાંથી તેમની કમાણી રૂ. 200 કરોડથી વધુ થઈ હતી, જ્યારે ટીવી શોએ આશરે રૂ. 100 કરોડ કમાઈને આપ્યા હતા. લાંબા સમયથી ચાલતા લોકપ્રિય શો 'કૌન બનેગા કરોડપતિ' હોસ્ટ કરવું તે તેમની આવકનો મોટો ભાગ છે. વધુમાં, બ્રાન્ડ એન્ડોર્સમેન્ટથી વધારાના રૂ. 50 કરોડ કમાયા હતા. નોંધનીય છે કે, અમિતાભ બચ્ચનના કર ચુકવણીમાં ગયા વર્ષની સરખામણીમાં 69 ટકાનો વધારો થયો હતો. માર્ચ 2025માં જ, તેમણે આશરે 52.5 કરોડનો મોટો કર હપ્તો જમા કરાવ્યો હતો. નાણાકીય વર્ષ 2024-25માં, અમિતાભ બચ્ચને આ સંદર્ભમાં શાહરૂખ ખાનને પાછળ છોડી દીધો અને નંબર વન સ્થાન મેળવ્યું.



### સંસદથી ફરી સેટ પર: કંગના રનૌતની નવી ફિલ્મ 'ભારત ભાગ્ય વિધાતા'નું મુહૂર્ત




મુંબઈ, તા. 6: લોકસભા ચૂંટણી જીતીને મંડીથી સાંસદ બનેલી કંગના રનૌત લાંબા વિરામ બાદ મોટા પડદા પર પાછી ફરી છે. સોમવારે કંગનાએ તેની આગામી ફિલ્મ 'ભારત ભાગ્ય વિધાતા'નું શૂટિંગ શરૂ કર્યું હતું, જે તેની છેલ્લી ફલોપ ફિલ્મ 'ઇમર્જન્સી' પછીની તેની પહેલી નવી ફિલ્મ હશે. કંગનાએ તેના ઓફિશિયલ ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર સેટ પરથી એક વીડિયો શેર કર્યો, જેમાં લખ્યું, ''મણિકર્ણિકા ફિલ્મ્સનો સેટ જોઈને ખૂબ આનંદ થયો.'' વીડિયોમાં તે સેટનું નિરીક્ષણ કરતી અને શૂટિંગની તૈયારીઓનું નિરીક્ષણ કરતી જોઈ શકાય છે. કંગનાના પ્રોડક્શન હાઉસ મણિકર્ણિકા ફિલ્મ્સે પણ આ જ વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો.

# ઈઝરાયેલના લેબનોન પર હવાઈ હુમલા

**લેબનોનના** સૈન્ય કમાન્ડર ઇઝરાયેલ સાથેના સીમા વિસ્તારોમાં ત્રાસવાદી જૂથ હિઝબુલ્લાહને નિ:શસ્ત્ર કરવાના મિશન અંગે સરકારને માહિતી આપે તેના થોડા દિવસો પહેલા જ આ હુમલા થયા

સિડોન, તા. 6 (એપી): ઈઝરાયેલના હવાઈ દળે સોમવારે અને મંગળવારે વહેલી સવારે દક્ષિણ અને પૂર્વી લેબનોનના વિસ્તારોમાં હુમલા કર્યા હતા, જેમાં દેશનું ત્રીજું સૌથી મોટું શહેર પણ સામેલ છે.

સોમવારની મધ્યરાત્રિએ લગભગ 1 વાગ્યે દક્ષિણના દરિયાકાંઠાના શહેર સિડોનમાં એક ત્રણ માળની વ્યવસાયિક ઈમારતને હુમલા દ્વારા જમીનદોસ્ત કરવામાં આવી હતી. આ હુમલો લેબનોનના આર્મી કમાન્ડર ઈઝરાયેલ સાથેની સીમા વિસ્તારોમાં ત્રાસવાદી જૂથ હિઝબુલ્લાહને નિ:શસ્ત્ર કરવાના મિશન અંગે સરકારને જાણકારી આપે તેના થોડા દિવસો પહેલા જ થયો છે.

લેબનોનના પ્રમુખ જોસેફ આઉને મંગળવારે એક નિવેદનમાં આ હુમલાઓની ટીકા કરતા કહ્યું હતું કે આ હુમલાઓ દુશ્મનાવટ ઘટાડવાના આંતરરાષ્ટ્રીય પ્રયાસો અને હિઝબુલ્લાહના વર્ચસ્વ વાળા વિસ્તારોમાં સરકારની સત્તા વધારવા તેમજ ત્રાસવાદીઓને નિ:શસ્ત્ર કરવાના લેબનોનના પ્રયાસોની વિરુદ્ધ છે.

હુમલા બાદગ બચાવ ટીમો ઈમારતના કાટમાળમાં ફસાયેલા લોકોની શોધ કરી રહી હતી, પરંતુ હજુ સુધી કોઈના મૃત્યુની જાણ થઈ નથી.

ઈઝરાયેલની સેનાએ મંગળવારે જણાવ્યું હતું કે તેઓએ ત્રાસવાદી જૂથો હિઝબુલ્લાહ અને હમાસના શસ્ત્ર સંગ્રહ સ્થાનો અને માળખાગત સુવિધાઓને નિશાન બનાવી હતી. તેમણે સ્વીકાર્યું કે આ સ્થળો નાગરિક વિસ્તારોમાં આવેલા હતા પરંતુ આ જૂથો ત્યાં કાર્યરત હોવાનો આરોપ લગાવ્યો હતો.

એક વર્ષ કરતા વધુ સમય પહેલા હસ્તાક્ષર કરાયેલા યુદ્ધવિરામ પછીના આ લગભગ દૈનિક ઈઝરાયેલી સૈન્ય કાર્યવાહીમાં નવો હુમલો હતો. આ યુદ્ધવિરામમાં લેબનોને ત્રાસવાદી જૂથોને નિ:શસ્ત્ર કરવાનું વચન આપ્યું હતું, જે ઇઝરાયેલ કહે છે કે પૂર્ણ થયું નથી.

આ હુમલા ઈઝરાયેલની સેનાના પ્રવક્તા અવિચે અદ્રાએ એક્સ પર ચેતવણી પોસ્ટ કર્યાના લગભગ બે કલાક પછી થયા હતા કે સેના પૂર્વી બેકા વેલીના બે ગામો અને દક્ષિણ લેબનોનના અન્ય બે ગામોમાં લક્ષ્યો પર હુમલો કરશે.

# યુક્રેન યુદ્ધ શરૂ થયું ત્યારથી ભારતે 144 બિલિયન યુરોનું રશિયન તેલ ખરીદ્યું

**ફેબ્રુઆરી** 2022થી રશિયાની વૈશ્વિક તેલ વેચાણમાંથી કુલ કમાણી લગભગ 1 ટ્રિલિયન યુરો હોવાનો અંદાજ

ચીનની રશિયન તેલની કુલ ખરીદી 293.7 અબજ યુરો



નવી દિલ્હી, તા. 6 (પીટીઆઈ): મંગળવારે એક યુરોપિયન થિંક ટેન્કે જણાવ્યું હતું કે યુક્રેન યુદ્ધ શરૂ થયા પછી ભારતે રશિયા પાસેથી લગભગ 144 અબજ યુરોનું (13.17 લાખ કરોડ રૂપિયા) ક્રૂડ ઓઇલ આયાત કર્યું છે, ફેબ્રુઆરી 2022થી ક્રેમલિનની વૈશ્વિક તેલ વેચાણમાંથી કુલ કમાણી લગભગ 1 ટ્રિલિયન યુરો (91.5 લાખ કરોડ રૂપિયા) હોવાનો અંદાજ છે.

ભારત ચીન પછી રશિયન તેલનો બીજો સૌથી મોટો ખરીદનાર દેશ છે, એમ સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એરએ (સીઆરઈએ) જણાવ્યું હતું.

ફેબ્રુઆરી 2022માં યુક્રેન યુદ્ધ શરૂ થયા પછી ચીને 210.3 અબજ યુરોનું રશિયન તેલ અને 42.7 અબજ યુરોના કોલસા અને 40.6 અબજ યુરોની ગેસ ખરીદી હતી. યુદ્ધની શરૂઆતથી 3 જાન્યુઆરી, 2026 સુધી ચીનની કુલ ખરીદી 293.7 અબજ યુરો (26.87 લાખ કરોડ રૂપિયા) હતી.

બીજી બાજુ ભારતે રશિયા પાસેથી 162.5 અબજ યુરોના અશ્મિભૂત ઈંધણ, 143.88 અબજ યુરોનું તેલ અને 18.18 અબજ યુરોના કોલસા ખરીદ્યા, સીઆરઈએ એ જણાવ્યું હતું.

યુરોપિયન યુનિયને રશિયન અશ્મિભૂત ઈંધણ ખરીદવા માટે 218.1 બિલિયન યુરો ખર્ચ કર્યા, તેલમાં 106.3 બિલિયન યુરો, કોલસામાં 3.5 બિલિયન યુરો અને ગેસ પર 108.2 બિલિયન યુરો ખર્ચ કર્યા.

24 ફેબ્રુઆરી, 2022ના રોજ યુક્રેન પર આક્રમણ શરૂ થયા પછી વૈશ્વિક અશ્મિભૂત ઈંધણના વેચાણમાંથી રશિયાની આવક વધી છે, આ આવક યુક્રેનમાં વિસ્થાપન, વિનાશ અને મૃત્યુ માટે ભંડોળ પૂરું પાડી રહી છે', એમ સીઆરઈએ એ જણાવ્યું.

યુક્રેન પર મોસ્કોના આક્રમણના જવાબમાં, જી-7 દેશો (અમેરિકા, બ્રિટન, કેનેડા, જાપાન, ઇટાલી, ફ્રાન્સ અને જર્મની) અને ઈયુએ રશિયા સામે પ્રતિબંધો અને નિકાસ નિયંત્રણો લાદ્યા છે.

જોકે, આ પ્રતિબંધો કોઈપણ સંયુક્ત રાષ્ટ્રોની સુરક્ષા પરિષદના ઠરાવમાંથી લેવામાં આવ્યા નથી અને ચીન, ભારત, ઈરાન, સંયુક્ત આરબ અમીરાત, ઇઝરાયલ અને સાઉદી અરેબિયા સહિત ઘણા દેશો રશિયા સામે એકપક્ષીય પ્રતિબંધોને સમર્થન આપતા નથી.

| | |
|---|---|
| **ભારતની ખરીદી (ક્રૂડ ઓઇલ):** | **144 અબજ યુરો (રૂ. 13.17 લાખ કરોડ)** |
| **ચીનની કુલ ખરીદી (તેલ+ગેસ+કોલસો):** | **293.7 અબજ યુરો (રૂ. 26.87 લાખ કરોડ)** |
| **રશિયાની કુલ વૈશ્વિક કમાણી:** | **1 ટ્રિલિયન યુરો (રૂ. 91.5 લાખ કરોડ)** |